
# ગુજરાતના સામાજિક વિકાસમાં ખૂટતી કડીઓ જોવાનું કામ પણ ગુજરાત અને ગુજરાતીઓનું છે

## ગુજરાતના સમાજ જીવનને પણ આંકડાકીય માહિતીથી અને આંકડાને પેલે પાર સમજવાની અને સમજાવવાની અનિવાર્યતા જરૂરી છે




ગુજરાત સદીઓથી વેપારના નફાતોટાના આંકડાથી જાણીતુ છે. વિશ્વ આખામાં ગુજરાતીઓના વેપારી સાહસની બોલબાલા છે. ગુજરાતના અર્થકારણને આંકડા સાથે સંબંધ હોય એ તો સમજી શકાય એમ છે પરંતુ ગુજરાતના સમાજજીવનને પણ આંકડાકીય માહિતીથી અને આંકડાને પેલે પાર સમજવાની અને સમજાવવાની અનિવાર્યતા જરૂરી છે. આપણે જ્યારે પાંચ કરોડ કે છ કરોડ ગુજરાતીઓ તરીકે ગૌરાંવિત (ગૌરાન્વિત) થતા હોઈએ ત્યારે આપણે એ પણ યાદ રાખવા જેવું છે કે આ માત્ર આંકડા જ નથી પણ જીવતા ગુજરાતીઓનું આંકડાકીય દર્પણ પણ છે. ગુજરાતના સામાજિક વિકાસમાં ખૂટતી કડીઓ જોવાનું કામ પણ ગુજરાત અને ગુજરાતીઓનું છે. જે સામાજિક સમસ્યાઓ છે એને જાહેર કરવાનું માધ્યમ વસ્તી ગણતરી અહેવાલ હોય છે. દર દસ વર્ષે આપણી પાસે આ આધારભૂત માહિતીની ઉપલબ્ધ થાય છે. આ અહેવાલ દર વખતે પોકારી પોકારીને કહે છે કે ગુજરાતીઓ તમે સમાજ વિશ્લેષણ કરો, તો જ સમાજને વિકાસ સાથે સંશ્લેષિત કરી શકાશે. ગુજરાત વસ્તીશાસ્ત્રીઓની અછત અનુભવે છે. સમગ્ર વિશ્વને ખ્યાતનામ વસ્તીશાસ્ત્રી ડૉ. પ્રવિણ વિસારિયાની ભેટ

**ગાંધીનગર માત્ર સત્તા કે નીતિ વિષયક નિર્ણયોનું એ.પી. સેન્ટર જ નથી ગુજરાતનું સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય નેતૃત્વ પણ છે.**

ગુજરાતે આપી છે પરંતુ આજે એ જ વસ્તીશાસ્ત્રી વિસારિયાના ગુજરાતમાં વસ્તીશાસ્ત્રીય અહેવાલોના આધારે ગુજરાતની કે ગાંધીનગરની મૂલવણી સમાજ વિજ્ઞાનીઓ એવા અર્થશાસ્ત્રીઓ કે સમાજશાસ્ત્રીઓ નહીંવત કરે છે. આ સમાજવિજ્ઞાનીઓ આંકડાશાસ્ત્રીય માહિતીને પહેચાને છે ખરાં પણ વહેંચતા નથી. વહેંચવુ એટલે વસ્તી વિષયક પાસાઓનું જ્ઞાન સંવર્ધન કરવું. ગુજરાતીઓની નજર ગાંધીનગર તરફ હોય એ બહુ સ્વાભાવિક છે. ગાંધીનગર માત્ર સત્તા કે નીતિ વિષયક નિર્ણયોનું એ.પી. સેન્ટર જ નથી ગુજરાતનું સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય નેતૃત્વ પણ છે. આવા ગાંધીનગરને જાણવા, સમજવા અને સમજાવવા માટે

● અનુસંધાન પાન-૭ પર



પરંપરાગત રમતો : ગ્રામીણ સાંસ્કૃતિક માહોલમાં આજે પણ પરંપરાગત રમતો અકબંધ છે.. વૈશ્વિક રમતોના સ્વીકાર બાદ પણ આપણી ભારતીય પરંપરાગતની રમતો ગામેગામ રમાય છે... પાટનગરના પાદરે આવેલા ગ્રામીણ વિસ્તારોમાં વેકેશનમાં બાળકો ક્રિકેટની સાથે ગીલીદંડા, સાતોલીયું અને આંધળાપાટા જેવી રમતો રમતા બાળકો હજુ પણ આનંદ લૂંટતા નજરે પડે છે...

# નીટની પરીક્ષા એકંદરે સરળ : ભૌતિક વિજ્ઞાનની કસોટીમાં પ્રશ્નો લાંબા પુરવાર થયા

ગાંધીનગર તા ૬

વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આજે નીટની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં જીવવિજ્ઞાન , રસાયણવિજ્ઞાનનુ પેપર સરળ તેમજ ભૌતિકવિજ્ઞાન વિષયની કસોટી જરા અઘરી પુરવાર થઈ હતી. એકાદ પ્રશ્નો એન સી ઈ આર ટીના અભ્યાસક્રમ મુજબ ન હોવાની સાથે અઘરા પ્રશ્નોના લીધે સમય ખુટે તેવી પણ મુંઝવણ વિદ્યાર્થીઓએ અનુભવી હતી.

મેડીકલ પેરામેડીકલમાં પ્રવેશ માટે આજે વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે નીટની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં જીવવિજ્ઞાન ,રસાયણવિજ્ઞાન તેમજ ભૌતિક વિજ્ઞાનના પ્રશ્નો પુછાયા હતા જે પૈકી જીવવિજ્ઞાનનુ પ્રશ્નપત્ર સરળ રહયુ હતુ. પરંતુ માત્ર ગુજરાત બોર્ડના પાઠયપુસ્તકો કે ગુજરાતી ભાષાના વિદ્યાર્થીઓ ભાષાંતરમાં ભુલો હોવાના લીધે મુશ્કેલી અનુભવી હતી. પરંતુ જે વિદ્યાર્થીઓએ અંગ્રેજીનો મહાવરો હોય તેમજ



એન સી ઈ આર ટીના પાઠયપુસ્તક પરથી તૈયારી કરી હોય તેમને પેપર ખુબ જ સરળ લાગ્યુ હતુ. તેમ વિષય નિષ્ણાંત અજયરાજસિંહ રાજપુતે જણાંવ્યુ હતુ. જયારે ભૌતિક વિજ્ઞાનમાં પાંચ થી સાત પ્રશ્નો લાંબી ગણતરીવાળા હોવાથી વિદ્યાર્થીઓ મુંઝાયા હતા.અઘરા પ્રશ્નોમાં વધુ સમય જતા સરળ પ્રશ્નો પણ એટેન્ડ કરી શક્યા ન હતા. જો કે ગણતરીના પ્રશ્નો સિવાય અન્ય પ્રશ્નો સરળ પુરવાર થયા હોવાનુ વિષય નિષ્ણાંત બલવંતસિંહ રાજપુતે જણાંવ્યુ હતુ. વધુમાં રસાયણ વિજ્ઞાનના પેપરમાં બે થી ત્રણ પ્રશ્નો એન સી ઈ આર ટી પાઠયપુસ્તક બહારના પુછાતા વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. જો કે લાંબી ગણતરીવાળા કે વધુ મોટા પ્રશ્નો ન હોવાથી પરીક્ષાર્થીઓએ બધા પ્રશ્નો સુલજાવી દીધા હતા. તેમ વિષય નિષ્ણાંત એચ આર પંડયાએ જણાંવ્યુ હતુ. નીટની પરીક્ષમાં જીવવિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનનુ પેપર સરળ અને ભૌતિક વિજ્ઞાનનુ પેપર મધ્યમકક્ષાનુ પુરવાર થયુ હતુ. જો કે નીટની પરીક્ષા સામાન્ય રીતે સરળ પુરવાર થઈ હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે.

**જીવ વિજ્ઞાન અને રસાયણ વિજ્ઞાનની કસોટી સરળ ભૌતિક વિજ્ઞાનનુ પેપર મધ્યમકક્ષાનુ રહયુ**

# આજે મનપાને મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના પેટે ૨૦ કરોડનો ચેક મળશે

ગાંધીનગર, તા. ૬

આજે ગાંધીનગર મહાનગરપાલિકાને મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ હપ્તા પેટે રૂ. ૨૦ કરોડથી વધુની રકમનો ચેક મળશે.

મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજનાના પ્રથમ હપ્તાના નાણાંનો ચેક વિતરણ સમારોહ મહાત્મા મંદિર ખાતે યોજવામાં આવેલ છે.

સવારે નવ વાગ્યે યોજાનાર સાદા છતાં દબદબાભર્યા સમારોહમાં શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ તેમજ શહેરી વિકાસ સત્તામંડળોને આ યોજના અંતર્ગિત ચેક વિતરણ કરવામાં આવનાર છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લાની ચાર નગરપાલિકાઓ તેમજ ગાંધીનગર મનપાને મળી અંદાજે રૂ. ૩૦ કરોડ જેટલી રકમ મળશે.

**કમિશ્નરેટ ઓફ મ્યુનિ.ની કચેરીને પણ વિધિવત્ રીતે મહાત્મા મંદિરના સમારોહમાં ખુલ્લી મુકાશે**

શહેરી વિકાસ વિભાગ દ્વારા આ અંગેની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# આરટીઈ અન્વયે પ્રવેશ આપવાની મુદત હવે ૮મી સુધી લંબાવાઈ

## પ્રવેશ ફોર્મ સ્વીકારવા માટે પણ એક દિવસ વધારી દેવાયો

ગાંધીનગર તા ૬

આર ટી ઈ અન્વયે શૈક્ષણિક વર્ષ ૨૦૧૮ અંતર્ગત પ્રવેશ આપવાની મુદત વધારી દેવામાં આવી છે. આ માટે ફોર્મ ભરવાની તેમજ ફોર્મ સ્વીકારવાની મુદતમાં વધારો કરાયો છે. પ્રવેશ ફોર્મ ભરવાની મુદત હવે તા ૮ મેં સુધીની કરી દેવામાં આવી છે. જયારે ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની મુદત ૯ મેં સુધીની કરી દેવામાં આવી છે.

રાઈટ ટુ એજ્યુકેશન એકટ અન્વયે શહેરની ગ્રાન્ટેડ ઈન શાળાઓમાં નિયમો મુજબ લાગુ પડતા વિદ્યાર્થીઓને ધોરણ-૧ માં વિના મુલ્યે પ્રવેશ આપવામાં આવે છે. જયારે આ સાથે વિદ્યાર્થીઓને જરૂરી સુવિધાઓ પણ પુરી પાડવામાં આવે છે. આ અન્વયે પ્રવેશ મેળવવા માટે વાલીઓને તા ૫ મેં સુધીમાં પોતાના ફોર્મ સુપ્રત કરવા માટે જણાંવાયુ હતુ. પરંતુ આર ટી ઈ હેઠળ વિદ્યાર્થીઓને પ્રવેશ મળી રહે તે માટે જરૂરી મુદતમાં ફેરફાર કરાયો છે.

● અનુસંધાન પાન-૭ પર


## ઓપન ઈન્ટરવ્યુ

પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિય સ્વનિર્ભર શૈક્ષણિક સંસ્થાઓ માટે નીચે મુજબના સ્ટાફની ભરતી કરવાની હોઇ રસ અને યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તારીખ ૧૦-૦૫-૨૦૧૮, ગુરુવારના રોજ સવારે ૯-૦૦ કલાકે બાયોડેટા (પ્રમાણપત્રોની નકલ સાથે) તથા અસલ પ્રમાણપત્રો સાથે સ્વખર્ચે ઓપન ઇન્ટરવ્યૂમાં રૂબરૂ હાજર રહેવું.

| ક્રમ | સંસ્થાનું નામ | વિષય | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|
| ૧ | અવર ઓન હાઇસ્કૂલ વિજ્ઞાન પ્રવાહ<br>અવર ઓન હાઇસ્કૂલ (હા. સેકન્ડરી) | ભૌતિક વિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, જીવવિજ્ઞાન, ગણિત અંગ્રેજી, સંસ્કૃત,<br>સમાજશાસ્ત્ર | એમ.એસ.સી., બી.એડ.<br>એમ.એ.,બી.એડ. |
| ૨ | અવર ઓન વિદ્યાવિહાર (પ્રાથમિક-ઉચ્ચ પ્રાથમિક) | અંગ્રેજી, સંસ્કૃત, (ધોરણ ૬ થી ૮)<br>ગણિત (ધોરણ ૩ થી ૫) | પી.ટી.સી., બી.એ., બી.એડ. |
| ૩ | અવર ઓન ઇંગ્લીશ મીડીયમ (પ્રાથમિક વિભાગ) | હિન્દી, અંગ્રજી, (ધોરણ ૧ થી ૫)<br>અંગ્રેજી-સમાજવિજ્ઞાન (વિજ્ઞાન-હંગામી શિક્ષક) (૮ થી ૧૦)<br>ચિત્ર, કરાટે-યોગ ટીચર, ડાન્સ-મ્યુઝિક | પી.ટી.સી., બી.એ., બી.એડ. |

નોંધ :- અનુભવી ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે.

સ્થળ અને સમય :

અવર ઓન વિદ્યાસંકુલ (પ્રાંતિજ કેળવણી મંડળ)

સ્ટેશન રોડ, પ્રાંતિજ, જિ. સાબરકાંઠા, ફોન : (૦૨૭૭૦) ૨૩૧૩૬૭, ૨૩૦૩૫૨

સમય: સવારે ૯-૩૦ થી ૧૨-૦૦

મંત્રી
પ્રાંતિજ કેળવણી મંડળ





ગુજરાત સરકાર

# રાજ્યમાં ઓનલાઈન પ્લાન મંજૂર કરવાની વ્યવસ્થાનો શુભારંભ

## પારદર્શક વહીવટની દિશામાં રાજ્ય સરકારનું વધુ એક પગલું



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

- રાજ્ય સરકારે શહેરી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ પૂરી પાડવા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટે ચાલુ વર્ષે રૂા.૪૫૪૦ કરોડની જોગવાઈ
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી સત્તામંડળોને રૂા.૧૦૧૦.૧૧ કરોડના ચેક અર્પણ કરાશે
- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ભૌતિક, સામાજિક અને આંતરમાળખાકીય વિકાસકામોથી લોકોને ગુણવત્તાયુક્ત સુવિધાઓ આપવામાં આવશે

ગુજરાતની મહાનગરપાલિકાઓ,
નગરપાલિકાઓ અને શહેરી સત્તામંડળોને

**સર્વાંગી વિકાસ માટે ચેક અર્પણ, ઓનલાઈન બાંધકામ મંજૂરી વ્યવસ્થા અને પ્રાદેશિક કમિશનરશ્રી નગરપાલિકાઓની કચેરીઓનો ઉદ્‌ઘાટન સમારોહ**

ઓનલાઈન ડેવલપમેન્ટ પરમીશન સિસ્ટમ
(ODPS)
એટલે માનવ હસ્તક્ષેપ રહિત કાર્યપદ્ધતિ
ઝડપ અને પારદર્શિતાનો સંગમ
દુનિયાના કોઈપણ ખૂણેથી ૨૪ કલાકમાં પરવાનગી,
ટ્રેકીંગ સિસ્ટમ, E-Mail અને SMS દ્વારા માહિતી

તારીખ : ૭મી મે-૨૦૧૮, સોમવાર | સમય : સવારે ૧૧-૦૦ વાગે |
સ્થળ : મહાત્મા મંદિર, ગાંધીનગર

રાજ્યમાં ઓનલાઈન બાંધકામ મંજૂરી થકી ડિજીટલ યુગનો પ્રારંભ થશે
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com